Downloaded From: Prashantgavaniya.blogspot.in



## મહારાજા મલ્હારરાવની ન્યાયપ્રિયતા (બાળવાર્તા)

કડી નગરમાં રાજા મલ્હારરાવનું રાજ્ય હતું. મહારાજા મલ્હારરાવ દયાળુ અને ન્યાયપ્રિય રાજવી હતા. પ્રજાનાં સુખ–દુ:ખનું હંમેશાં ધ્યાન રાખતા હતા. એમના રાજ્યમાં શાંતિ હતી. પ્રજા સુખી હતી પરંતુ કોઈ પણ કારણે કોઈ ગુનો કરે તો મહારાજા મલ્હારરાવ એમને સખતમાં સખત સજા કરતા. એક દિવસ મહારાજા મલ્હારરાવ પોતાનો દરબાર ભરીને બેઠા હતા. ત્યાં સૈનિકો એક સુંદર યુવકને પકડીને લાવ્યા.

બોલ્યા, “મહારાજ, આ યુવકને અમે પકડ્યો છે. તે ચોરી કરી રહ્યો હતો. આપ એને સજા કરો.”

યુવક સુંદર હતો, એના મોં પર તેજ ચમકી રહ્યું હતું.

રાજાએ ગુસ્સે થઈને આંખ લાલ કરીને પૂછ્યું, “શું નામ છે તારું?”

“મહારાજ, મારું નામ છે બુદ્ધિસાગર.” પેલા યુવકે શાંત ભાવે કહ્યું.

“તારી ઉંમર કેટલી છે ?”

“મહારાજ, પચીસ વર્ષ.”

“તેં ચોરી કેમ કરી?” રાજાએ ફરી પૂછ્યું.

“મારી ઘરડી માતા માંદી છે. એની દવા માટે મારી પાસે પૈસા નથી. મારી પાસે જમીન–જાગીર પણ નથી. મને કોઈ કામ પણ આપતું નથી. મારી માંદી માતા માટે દવા લાવવી ખૂબ જ જરૂરી છે. આ માટે મેં આ નગરની ધનવાન વ્યક્તિને ત્યાં ચોરી કરી છે. કોઈ ગરીબને મેં હેરાન કર્યા નથી.”

યુવકની વાત સાંભળી મહારાજા મલ્હારરાવનો ગુસ્સો પીગળી ગયો. એમનામાં દયાના ભાવ જાગ્યા. પરંતુ ન્યાયપ્રિયતા આગળ તેઓ લાચાર હતા. એમણે સૈનિકોને હુકમ કર્યો,

“આને લઈ જાઓ અને જેલમાં પૂરી દો. ચોરીના અપરાધ માટે એને મોતની સજા ફરમાવવામાં આવે છે.”

એ પછી મહારાજા મલ્હારરાવે પેલા યુવકને કહ્યું, “તારી કરૂણ સ્થિતિની વાત સાંભળી અમને દુ:ખ જરૂર થયું છે. પરંતુ ન્યાયના કારણે અમે તને સજા કરવા માટે લાચાર છીએ. બોલ, તને કઈ રીતના મૃત્યુની સજા કરવામાં આવે?”

પેલો યુવક શાંત ભાવથી ચૂપ રહ્યો. મહારાજા મલ્હારરાવે કહ્યું, “તું આખી રાત વિચાર કરી લે. સવારે અમને કહેજે કે તને કઈ રીતના મૃત્યુની સજા કરવામાં આવે ?”

સૈનિકોએ આ યુવકને લઈ જઈને જેલમાં પૂરી દીધો. બીજા દિવસે સૈનિકો એને લઈને મહારાજા મલ્હારરાવના રાજદરબારમાં હાજર થયા.

મહારાજા મલ્હારરાવે પૂછયું, “બોલ, તને કઈ જાતનું મૃત્યુ પસંદ છે ?”

બુદ્ધિસાગરે હાથ જોડીને કહ્યું, “હું કહું છું કે મારે કઈ જાતનું મૃત્યુ જોઈએ છે. પણ મને વચન આપો, જેવું હું કહું, તેવું જ મૃત્યુ મને આપશો.”

“હું વચન આપું છું. તારી ઈચ્છા પ્રમાણેનું જ મૃત્યુ તને આપવામાં આવશે.” મહારાજા મલ્હારરાવે કહ્યું.

“મહારાજા, મારે ઘરડા માણસના મોતથી મરવું છે.” બુદ્ધિસાગરે કહ્યું.

“ઘરડા માણસનું મોત !” મહારાજા મલ્હારરાવે આશ્ચર્ય પામતાં પૂછયું. પછી બોલ્યા, “બુદ્ધિસાગર, હું તારી બુદ્ધિમત્તા પર ખૂબ જ ખુશ છું. તને ઘરડા માણસના મોત માટે છોડી મૂકવામાં આવે છે. પરંતુ સાથે સાથે તને મારા રાજદરબારમાં નોકરી પણ આપવામાં આવે છે.”

મહારાજા મલ્હારરાવે બુદ્ધિસાગરની માતાની માંદગીના ઉપચાર માટે ધન પણ આપ્યું.

**– યશવંત કડીકર**

Downloaded From: Prashantgavaniya.blogspot.in